**બોટાદના મહે.ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ. બોટાદ**

**'ફોજદારી કેસ નંબર :–5754/2026**

## :: પ્લી તળે હુકમ ::

આરોપીઓની આંક–૪ વાળી ગુન્હા કબુલાત પુરસીસ થી ગુના કબુલાતની પ્લી(આંક–૬ ) અને કેસની હકીકત વંચાણે લેતાં આરોપીઓ સામેના જુગારધારા એકટની કલમ–૧૨ (એ) મુજબનો ગુનો હું સાબીત થયેલો ગણું છું. આરોપીઓ સામેનો ગુનો અને કુટુંબનો એકમાત્ર કમાનાર વ્યકીત છે તે હકિકત મ)ન્ય રાખી તેમજ આરોપી દવારા અદાલત સમક્ષ કબુલાત ઘ્યાને લેતાં નામદા રગુજરાત વડી અદાલતે ર૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, નટરવચંદ્ર હીરાચંદ્ર ઠાકોર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ,બોટાદ દવારા નેશનલ લોક અદાલતનું આયોજનનાં ભાગ રૂપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીગનું આયોજન કરેલ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**** અંતિમ હુકમ ****

****** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા અધી.ર૦ર૩ ની કલમ–ર૭૫ અનવ્યે આ કામના તમા આરોપીઓને જુગારધારા એકટની કલમ–૧૨ (એ) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને જુગારધારા એકટની કલમ–૧૨ (એ) ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ બદલ દરેક આરોપીને રૂ.૩૦૦/– લેખે કુલ રૂપિયા ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો આરોપીને દીવસ ૫ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

****** આ કામમાં આરોપીઓ પાસેથી કબ્જે કરવામાં આવેલ રોકડ રકમ પરત મેળવવા માંગતા નથી તેવી નો–કલેઈમ પુરસીસ રજુ કરતા ઘ્યાને લઈ હાલના કામે કબ્જે થયેલ રોકડ રકમ શ્રી સરકાર માં જમા કરાવવી.

****** આ કામમાં રજુ થયેલ ગંજીપાના તથા અન્ય મુદામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ બોટાદ મુકામે તારીખ ૧૪ માહે માર્ચ અને ર૦ર૬ ના રોજ સ્પે.સીટીગમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**સ્પે.સીટીગ**

તા.૧૪/૦૩/ર૦ર૬.

બોટાદ

**(એમ.એસ.સોની)**

ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ

બોટાદ

કોડ નં જી જે ૦૧ર૬ર

પાવતી નંબર–....... થી .......... દંડની રકમ

રૂ.૩૦૦ X ૧ (આરોપી)= ૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા) વસુલ લીધા.

તા.૧૪/૦૩/ર૦ર૬.

નાઝર

ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ બોટાદ